(તસવીર : અહેમદ ઉલ્લા, મોડાસા)





## મોડાસાના માજૂમ ડેમમાંથી ૫૦૦૦ ક્યુસેક પાણી છોડાયું

ઉપરવાસમાં ભારે વરસાદના કારણે મોડાસા શહેર નજીક આવેલ માજૂમ ડેમમાં વધુ પ્રમાણમાં પાણીની આવક થતા તકેદારીના પગલા સ્વરૂપે ૫૦૦૦ ક્યુસેક પાણી તંત્રને રાત્રીના સમયે છોડ્યુ છે. માજૂમ નદીમાં પાણી ઠલવાતા લોકો નદી જોવા ઉમટી પડ્યા હતા. મોડાસા શહેર નજીક વોસ્વા ગામ પાસે માજૂમ ડેમ આવેલો છે. આ ડેમના ઉપરવાસમાં પડેલ ભારે વરસાદના કારણે ૫૦૦૦ ક્યુસેકથી વધુ પાણીની આવક થઈ રહી હતી. જેથી તકેદારીના ભાગરૂપે ૫૦૦૦ ક્યુસેક પાણી મોડાસાની માજૂમ નદીમાં છોડવામાં આવ્યું છે. મોડાસાના માજૂમડેમની સપાટી ૧૫૭.૧૦ ફૂટ છે. હાલ ૧૫૭.૫ ફૂટ સપાટી મેઈન્ટેઈન કરવામાં આવી રહી છે. માજૂમ ડેમમાંથી પાણી છોડાતા મોડાસા શહેરમાંથી પસાર થતી નદી બે કાંઠે વહેતી થઈ હતી. જેને જોવા માટે મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા. નદી કિનારાના ગામોને પણ પાણી છોડવા બાબતે માજૂમ ડેમ સત્તાવાળાઓ દ્વારા જાણ કરી દેવામાં આવી હતી. આમ આગળ આવતી રવિ સિઝનમાં ખેડૂતોને સિંચાઈ માટે પુરતુ પાણી મળશે જેને લીધે ખેડૂતોમાં આનંદ જોઈ શકાય છે.

# બનાસકાંઠાને મેઘરાજાએ ત્રણ દિવસ વરસાદમાં ઘમરોળ્યું

### ડીસામાં સુંઢીયા તળાવમાંથી યુવકનો મૃતદેહ મળ્યો; ચોમાસામાં વિજળીથી ૩ માનવ અને ૫૩ પશુના મૃત્યુ નોંધાયા

પાલનપુર, તા. ૨૯

ચાલુ સાલે ચોમાસાના પ્રારંભે ધમાકેદાર એન્ટ્રી બાદ છેલ્લા વીસ દિવસથી વાતાવરણ ખુલી ગયેલ જયારે છેલ્લા ત્રણ દિવસથી સમગ્ર રાજયભરમાં મેઘરાજાનો બીજો ધમાકેદાર રાઉન્ડ શરુ થયેલ. તેમાં છેલ્લે ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠામાં મેઘરાજાએ ઘમરોળી દેતા સ્થળ ત્યાં જળની સ્થિતિ સર્જાઈ છે. તેમાં સૌથી વધુ ડીસામાં બે દિવસમાં ૧૫ ઈંચ, અમીરગઢમાં ૫ ઈંચ, દાંતીવાડામાં ૯ ઈંચ, પાલનપુરમાં ૭ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ડીસા અને સોછી ઓછો વાવમાં નોંધાયો છે.

આજે ડીસા તાલુકાના સુંઢીયા ગામના તળાવમાં એક યુવાન હરિજન રમેશ હરજીભાઈ (ઉ.વ. ૩૭)નો મૃતદેહ મળ્યો હોવાનું જિલ્લા ફલડ કંટ્રોલ રૂમનાં સભ્યોએ જણાવેલ છે. ચાલુ સાલે ચોમાસા દરમિયાન કુલ ત્રણ માનવ મૃત્યુ અને ૫૩ પશુ મૃત્યુ નોંધાયા છે. જેમાં માનવ મૃત્યુમાં રૂ. ૬ લાખ અને પશુ મૃત્યુમાં ૧,૫૦,૦૦૦ રૂપિયાની ચૂકવણી કરાઈ છે. જયારે રહેણાંક મકાન અને અન્ય નુકશાની ચૂકવાઈ છે.

# ખંડણી માગ્યા બાદ ઊંઝાના યુવાનનું અપહરણ કરી લુંટી લેવાયો

ઊંઝા, તા. ૨૯

ઊંઝા શહેરમાં ટ્રાન્સપોર્ટના એક ધંધાર્થીને સ્વીફટકોરમાં આવેલ ત્રણ શખ્સોએ અપહરણ કરી ઐઠોર માર્ગ પર લઈ જઈ તીક્ષ્ણ હથિયારની અણીએ રૂપિયા ૩૨૨૦ની રોકડ રકમ તેમજ સોનાની ચેઈન મળી કુલ ૪૩,૨૨૦ની મત્તાની લૂંટ કરી ફરાર થઈ ગયા હોવાની ફરિયાદ નોંધાતા શહેરમાં ભારે સનસનાટી મચી જવા પામી છે. આ લૂટના ગુનામાં આરોપી તરીકે દર્શાવાયેલ ત્રણ ઈસમો પૈકી એક આરોપી પટેલ ગોવિંદ ઉર્ફે હાલાએ તા. ૨૬ સપ્ટેમ્બરે ખંડણી માગવાના આરોપસર ત્રણ ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી જે સંદર્ભે ઉપરોકત ફરિયાદ નોંધાઈ હોવાનું કહેવાય છે.

પોલીસના જણાવ્યા મુજબ ઊંઝા ખાતે દાસજ રોડ પર આવેલ શિવદર્શન સોસાયટીમાં રહેતા સંજય પટેલ ઉર્ફે શંકર મફતલાલ બાપર ભવનમાં બ્રહ્માણી રોડલાઈન્સ નામે ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. ગઈ રાત્રે તેઓ ઓફિસમાં કામ કરી રહ્યા હતા ત્યારે ઊંઝાના પટેલ ગોવિંદ ઉર્ફે હાલોએ નીચે બોલાવેલ જેથી તેઓ નીચે ઉતરી તેમની પાસે જતા વાતો કરતા કરતા આસપાસ લઈ ગયા હતા આ દરમિયાન મોટરકારમાં બેઠેલ બે શખ્સોએ સંજયને ખેંચી લઈ કારમાં અપહરણ કરી લીધું હતું. બાદમાં માર્ગમાં ઐઠોર રોડ પર ગાડીમાં ગડદા પાટુનો માર મારી મોબાઈલ ફોન બંધ કરી દીધો હતો ત્યારબાદ તીક્ષ્ણ હથિયારની અણીએ ૩૨૨૦ની રોકડ રકમ તેમજ ચાલીસ હજારની કિંમતની સોનાની ચેઈન મળી કુલ ૪૩૨૨૦ની મત્તાની લૂંટ ચલાવી સંજયને રસ્તામાં ઉતારી કયાંક નાસી છૂટયા હતા.

આ અંગે સંજય ઉર્ફે શંકરભાઈની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## શબ્દાવલી - ૫૧૯૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ■ | ૬ | ૭ |
| ૮ | | | | | | ■ | |
| | ■ | ૯ | | | ■ | ૧૦ | |
| | ■ | | ■ | | ■ | ૧૧ | |
| ■ | ૧૨ | ■ | ૧૩ | ■ | ૧૪ | | |
| ૧૫ | | | | | ■ | ૧૬ | |
| ■ | | ■ | | ■ | ૧૭ | | ■ |
| ૧૮ | | | | ■ | ૧૯ | | |

### આડી ચાવી

૧. આઘાત, કુઠારનો ઘા (૫)
૬. પાણીમાં થતાં બારીક જીવ (૨)
૮. વાડી રે વાડી શું કહો છો... રીંગણા લઉં બે ચાર.. (૬)
૯. 'રાયણ' શબ્દ આડો અવળો (૩)
૧૦. આજ્ઞા, મનાઈ (૨)
૧૧. ઈદના તહેવારની ભેટ (૨)
૧૪. દારૂ, શરાબ (૩)
૧૫. દરિયો ખેડનાર (૫)
૧૬. ભેંસનું નર બચ્ચુ (૨)
૧૭. દરજી, સોઈ (૨)
૧૮. પતરાવળ, ભાણુ (૪)
૧૯. દહીંમાંથી પાણી કાઢી શીખંડ માટે બનાવેલ માળો (૩)

### ઊભી ચાવી

૧. નૈસર્ગિક, સ્વાભાવિક (૪)
૨. ખાલી, ભરેલા ના હોય તેવા (૨)
૩. રાત્રે સુગંધ ફેલાવતા ઔષધ (૩)
૫. ગણિકા, નાચગાન, કરનાર (૪)
૭. લગ્નપ્રસંગે ખાસ વપરાતો દિવો (૬)
૧૦. સતોલીયા જેવી એક બાળરમત (૬)
૧૨. સાથીદાર, ખરાબ કામનો સોબતી (૪)
૧૩. ચોકીદારી, ચોકી (૪)
૧૭. સોગન, કસમ (૩)

### શબ્દાવલી ૫૧૯૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) આસોપાલવ (૫) વાડી (૭) કાનૂન (૮) ઢમઢોલ (૧૧) ગંગાસ્વરૂપ (૧૪) પાડ (૧૫) રૂડીરૂપાળી (૧૭) ખેપ (૧૮) ખયાલ (૨૦) પારાવાર (૨૧) પતન (૨૨) આવરણ

**ઊભી ચાવી :-** (૧) આકાશગંગા (૨) સોનું (૩) પાન (૪) વઢ (૫) વાઢો (૬) ડીલ (૯) મઢ (૧૦) ગારૂડી (૧૨) સ્વરૂપવાન (૧૩) પરૂ (૧૪) પાળીયા (૧૬) પાખ (૧૭) ખેરાત (૧૯) લસણ (૨૦) પાપ

# ડીસા ખાતે પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

ડીસા, તા. ૨૯

બનાસકાંઠા જીલ્લાનાં ડીસા ખાતે મંત્રી લીલાધરભાઈ વાઘેલાનાં અધ્યક્ષ સ્થાને પ્રાંત કક્ષાનો ગરીબ






કલ્યાણ મેળો ડીસા પાલનપુર હાઈવે પર આવેલા કોલ્ડ સ્ટોરેજ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે અધ્યક્ષ જીલ્લા કલેક્ટર, તેમજ મહાનુભાવોનાં હસ્તે ૧૨૧૧૯ લાભાર્થીઓને ૧૧ કરોડ સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અધ્યક્ષ લીલાધરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે વિકાસ પુરૂષ તરીકે સમગ્ર દેશ અને દુનિયામાં નામનાં મેળવનાર આપણા લોક લાડીલા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં સાશનમાં ગુજરાતમાં તમામ ક્ષેત્રોમાં વિક્રમ જનક વિકાસ થયો છે જેની સમગ્ર દેશ અને દુનિયામાં નોંધ લેવાઈ છે. તેમણે જણાવ્યું કે મુખ્યમંત્રી ક્રમની સુચનાથી અને માર્ગદર્શનથી યોજાતા ગરીબ કલ્યાણ મેળાઓનાં લીધે લાખો ગરીબોને સુખ શાંતી અને સ્વમાન ભર્યુ જીવન મળ્યું છે. વધુમાં જણાવ્યું હતું કે અહીથી મળેલ સાધન સહાયને કાળજી પૂર્વક ઉપયોગ કરી પરીવારને ગરીબી મુક્ત કરીએ. આ ગરીબ કલ્યાણ મેળામાં વિવિધ અવાસ યોજનાઓ માનવ કલ્યાણ અને માનવ ગરીમા યોજના, મિશન મગલમ, જનની સુરીક્ષા, કુવર બાઈનું મામેરૂ, સરસ્વતી સાધના સહાય, માટેના લાભનું મંત્રી અને મહાનુભાવોનાં હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રાંત કક્ષાનાં ગરીબ કલ્યાણ મેળામાં ડીસા તેમજ કાંકરેજ તાલુકાનં લાભાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ડીસાનાં ૭૭૪૨, લાભાર્થીઓને ૬૦૬.૪ લાયજન સહાય તેમજ કાંકરેજ તાલુકાનાં ૪૩૭૭ લાભાર્થીઓને ૫૦૮.૯૮ લાખની સહાય આપી હતી એમ કુલ ૧૨૧૧૯ લાભાર્થીઓને ૧૧૧૫.૩૪ લાખની સહાય આપવામાં આવી હતી.

આ પ્રસંગે પશુ પાલન મંત્રી લીલાધરભાઈ વાઘેલા, જીલ્લા કલેક્ટર જે.જી.હિગરાજીયા, સાંસદ સંજય હરીભાઈ ચૌધરી, જીલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, ગોપાલ નિગમના સંજયભાઈ દેસાઈ ડીસા નગરપાલિકા પ્રમુખ તેજલબેન પટેલ, માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ સહિત મહાનુભાવો હાજર રહ્યા હતા.

## નુકસાનનો ભય

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે ક્યાંક મગફળીનું વહેલી વાવેતર થયું હોય તો તે ખેડૂતોને પણ નુકશાન થવાના અહેવાલો છે.


ગાંધીનગર જિલ્લામાં આ વખતે બદલાયેલ વરસાદી પેટર્નને કારણે ખરીફ ઋતુમાં ચાર હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં વાવેતર ઘટવા પામ્યુ છે. આ ઉપરાંત જિલ્લામાં આ વર્ષે કપાસનું વાવેતર પણ ઘટવા પામ્યું છે.

મળતી વિગતોપ્રમાણે છેલ્લા આ વરસાદી રાઉન્ડને કારણે કપાસ, ડાંગર અને બાજરીના પાકને વ્યાપક નુકશાન થયાના અંદાજો છે. કપાસમાં પાન પીળા પડી રહ્યાની ફરિયાદ ખેડૂતો કરી રહ્યા છે. તો ડાંગરનો પાક પડી જવા પામ્યો છે અને બાજરીના પાકને પણ વ્યાપક નુકશાન થવા પામ્યું છે.

જિલ્લામાં આ વખતે ઘાસચારામાં જુવારનું વાવેતર સારૂ થયું છે જ્યારે દિવેલાનું વાવેતર લગભગ સરેરાશ જળવાઈ રહેવા પામી છે.

જિલ્લામાં આ વર્ષે ચોમાસામાં સરેરાશ કરતાં ૩૭ ટકા જેટલો વધુ વરસાદ નોંધાયો છે. આ વરસાદ વધારે થતાં પાકને નુકશાન થયું છે.

દરમ્યાન પાટનગરના રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્યમાં થયેલ અતિવૃષ્ટિને પગલે લીલો દુષ્કાળ જાહેર કરવા વિપક્ષે કરેલ માંગણીના અનુસંધાને તંત્રએ તાબડતોબ સર્વેલન્સ કરી અને અહેવાલ રજુ કરવા તમામ જિલ્લાઓને જણાવ્યુ છે. જેના પગલે સર્વેલન્સની કામગીરી હાથ ધરાઈ છે. રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશ પ્રમાણે સરકાર ટુંકા સત્ર દરમ્યાન ખેડૂતોના હિતમાં કોઈ મહત્વના નિર્ણયો જાહેર કરે તેવી શક્યતા પણ છે.




ડીસાનાં પાલનપુર હાઈવે પર આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિનાં વેપારી એશોશીએશન હોલ ખાતે ભારતીય જનતા પાર્ટીની જીલ્લા કક્ષાની કિસાન મોરચાની બેઠક પ્રદેશ કિસાન મોરચાનાં અધ્યક્ષ બાબુભાઈ વેદલીયા, મહામંત્રી લાલુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બનાસકાંઠા જીલ્લાનાં કિસાનો ભારતીય જનતા પાર્ટીમાં જોડાય અને નરેન્દ્ર મોદીના હાથને મજબુત બનાવે તેવા આશયથી આ બેઠક યોજાઈ હતી તેમજ કિસાન મોર્ચાના નવા વરાયેલા હોદ્દેદારોની જીલ્લા કક્ષાની બેઠકમાં આગામી આવનાર ૨૦૧૪ની ચૂંટણીમાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દિલ્હીની ગાદી પર બેસે તે માટે તન તોડ મહેનત કરી વધુમાં વધુ કાર્યકરો ભાજપ તરફ વળે તેવા પ્રયાસો હાથ ધરવા માટે પ્રેરણા આપી હતી. આ પ્રસંગે પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ બાબુભાઈ વેદલીયા, પ્રદેશ કિસાન મોરચાના મહામંત્રી લાલુભાઈ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, મહામંત્રી ગુમાનસિંહ ચૌહાણ, જીલ્લા પ્રભારી રાજુભાઈ પટેલ, દુષ્યંતભાઈ પંડ્યા, જીલ્લા કિસાન મોરચાના અધ્યક્ષ પીરાભાઈ ગામોટ, માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ સહિત કિસાન મોરચાના કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# ગુજરાતમાં છ લાખ ખેડૂતો વિજ કનેક્શનથી વંચિત છે

અમદાવાદ, તા. ૨૯

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ભાજપના ફેંકુ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલા વાણી વિલાસની આકરી ઝાટકણી કાઢતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતના પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ આજે જણાવ્યું હતુ કે ઘર આંગણે નિષ્ફળ નિવડેલા મુખ્યમંત્રી વારંવાર સલાહકારની ભૂમિકામાં આવી જાય છે. ગુજરાતના છ લાખ ખેડૂતોને હજુ પણ વિજળીના કનેક્શન મળ્યા નથી. વિજ ઉત્પાદનમાં વધારો પણ થયો નથી. ખૂદને વિઝા મળતાં નથી અને વિદેશ નીતિ વિશે બુમરાણ મચાવે છે. સોનિયા ગાંધી અને દિલ્હીના સફળ મુખ્યમંત્રી શીલા દિક્ષિત વિશે નાટકીય ભાષામાં બોલવનાર મુખ્યમંત્રી દેશની મહિલાઓનું અપમાન કર્યું છે. દિલ્હી ખાતે ફેંકુ મુખ્યમંત્રી વિજ ઉત્પાદન વિશે કરેલી વાતમાં સત્ય એ છે કે ગુજરાતમાં છેલ્લા ૧૨ વર્ષના મુખ્યમંત્રીના શાસનમાં છ લાખ ખેડૂતો વિજ કનેક્શનની વર્ષોથી રાહ જોઈ રહ્યા છે. મુખ્યમંત્રીના શાસનકાળમાં સરકારી કંપનીઓમાં એક પણ યુનિટ પાવર જનરેશનનો વધારો થયો નથી. ગુજરાતમાં તેમના મળતીયા ઉદ્યોગપતિઓના ફાયદા માટે ખાનગી કંપનીઓ દ્વારા ખાનગી કંપનીઓને કમાવી આપવા સૌથી વધુ વિજ દર ગુજરાતના નાગરિકો પાસેથી વસુલાય છે. આ ખાનગી કંપનીઓ મુખ્યમંત્રીનાઆશીર્વાદને કરોડો રૂપિયનો નફો કરે છે. મુખ્યમંત્રીનેભેટ સોગાદ રૂપેરેલીના આયોજનના ખર્ચાઅને હવાઈ મુસાફરી માટે આવી કંપનીઓ પોતાના હવાઈ જહાજ પુરા પાડે છે વાસ્તવમાં મુખ્યમંત્રી બીજા રાજ્યોમાં વિવિધ રેલીઓમાં ખાનગી કંપનીઓના વિજ ઉત્પાદનને પોતાની સિદ્ધિ ગણાવે છે.

## ચોમાસુ સત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ આ સત્રમાં લાવવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે જેમાં તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યની સાત જેટલી ઈજનેરી કોલેજોને સ્વાયત્ત કરવાનો નિર્ણય કર્યો છે. આ અંગે વિધેયકમાં સુધારો કરતુ એક વિધેયક શિક્ષણ વિભાગ દ્વારા લાવવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

ત્રણ દિવસના ટુંકા સત્રમાં સરકારી વિધેયકો ઉપરાંત છેલ્લા દિવસનો પ્રસ્તાવની કામગીરી આ સત્રમાં હાથ પર લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## બેરણા ચોકડી પાસે લકઝરી બસ-રીક્ષા વચ્ચે અકસ્માત

હિંમતનગર તાલુકાના બેરણા ચોકડી પાસે રવિવારના રોજ સવારે એક લકઝરી બસ નં. જીજે-૧-સીએક્ષ-૭૧૭૧નો ચાલક ચંદુભાઈ મેણાએ પોતાના કબજાની લકઝરી બસ પુરઝડપે અને બેદરકારી રીતે હંકારી આગળ જતી રીક્ષા નં. જીજે-૯-એક્ષ-૫૮૩૫ને પાછળથી ટક્કર મારી હતી. આથી રીક્ષામાં સવાર ધર્મેન્દ્ર શર્મા અને બાબુસિંહને ઈજાઓ પહોંચી હતી. જ્યારે લકઝરી ચાલક બસ મુકી નાસી છૂટ્યો હતો.

## લોખંડી સુરક્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પી.એસ.આઈ. ૮૦૦ પોલીસ જવાનો તથા ૧૫૦ નહિલા પોલીસ ૧૦૦ ટ્રાફીક જવાનો તથા બે મહીલા એસઆરપી પ્લાટુન સહિત ચાર એસઆરપી પ્લાટુનો તૈનાત રહેશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલય સંકુલના તમામ પ્રવેશદ્વારો પર સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સચિવાલયમાં પ્રવેશતા તમામ વાહનો અને લોકોનું આઈ કાર્ડ ચકાસ્યા બાદ જ પ્રવેશ આપવામાં આવશે આ ઉપરાંત વાહનોનું સઘન ચેકીંગ કરીને અને પ્રવેશ પાસ અથવા ઓળખકાર્ડ હોય તેને જ પ્રવેશ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.